More (મોર) વધારે.
If we feed=જો આપણે ખવાડીએ તો.
Well (વેલ) સારી રીતે.
Bigger (બિગર) વધારે મોટા.
Every day=દરરોજ.
Month (મન્થ) મહીનો.
Strong (સ્ટ્રૉન્ગ) મજબુત.
Wings (વિંગ્ઝ) પાંખો.
Will teach=શીખવીશ.
To fly=ઉડવું.
Themselves (ધેમસેલ્વ્ઝ) પોતાની મેળે.
Babies (બેબીઝ) બચ્ચાં.

BIRDIE

Birdie (બર્ડી) બાળક.
At break of day (બ્રેક ઑફ ડે) મળસ્કે, પ્હો ફાટતાં.
Let me fly (ફ્લાઇ) મને ઉડવા દો.
Rest (રેસ્ટ) આરામ લે.
A little=જરા.
Longer (લૉન્ગર) વધારે વાર.
Till (ટિલ) જ્યાં સુધી.
Wings (વિંગ્ઝ) પાંખ.
Stronger (સ્ટ્રૉન્ગર) વધારે મજબુત.
So (સો) તેથી.
Flies away=ઉડી જાય છે.

12 THE CAT.

Look (લુક) જુઓ.
Here (હીઅર) અહીંઆ.
It has=તેને છે.
Short (શોર્ટ) ટુંકા.
Soft (સૉફ્ટ) નરમ, સુંવાળા.
Hair (હેર) વાળ.
Over (ઓવર) ની ઉપર.
Body (બૉડિ) શરીર.
Sharp (શાર્પ) તીક્ષ્ણ.
Claws (ક્લૉઝ) ન્હોર.

End (એન્ડ) છેડો.
Paws (પૅાઝ) પન્ના.
Do not tease=ચીડવતા નહિ.
Tease (ટીઝ) ચીડવવું.
May scratch (સ્ક્રૅચ) ઉઝરડા કરે.
Quick (ક્વિક) ચપળ.
Can catch (કૅચ) પકડી શકે છે.
Rats (રૅટ્ઝ) ઉદરો.
Mice (માઇસ) ઉદરો.
Waits for them=તેઓની રાહ જુએ છે.
Night (નાઇટ) રાત્રે.
When (વ્હેન) જ્યારે.
Mouse (માઉસ) ઉદર.
Comes out (કમ્સ આઉટ) બહાર આવે છે.
Hole (હોલ) દર.
Jumps up (જમ્પસ અપ) કુદકો મારે છે.
Catches (કૅચિઝ) પકડે છે.
Plays (પ્લેઝ) રમે છે.
At last (ઍટલાસ્ટ) આખરે.
Kills (કિલ્ઝ) મારી નાંખે છે.
Eats (ઇટ્ઝ) ખાય છે.
Drinks (ડ્રિન્કસ) પીએ છે.
Milk (મિલ્ક) દુધ.
Meat (મીટ) માંસ.
Bread (બ્રેડ) રોટલી.
Is fond (ઇઝ ફૉન્ડ) શોખીન હોય છે.
Fish (ફિશ) માછલી.
Loves (લવ્ઝ) ચાહે છે.
Little (લિટલ) ન્હાના.
Kittens (કિટન્સ) બચ્ચા.
Licks (લિક્સ) ચાટે છે.
All over=આખે શરીરે.
To make clean=સાફ કરવાને.
Brings (બ્રિન્ગસ) લાવી આપે છે.
Food (ફુડ) ખોરાક.
Teaches (ટીચીઝ) શીખવે છે.
Moves (મુવ્ઝ) હલાવે છે.
Tail (ટેઇલ) પૂછડી.
Play (પ્લે) રમત.
About (ઍબાઉટ) આમતેમ.
Mother (મધર) મા.
Carries (કૅરિઝ) લઇ જાય છે.
Mouth (માઉથ) મ્હોડું.
Calls (કૉલ્સ) બોલાવે છે.
Mewing (મ્યુઇંગ) મીઆઉં કરીને.

Too (ટુ) પણ; વળી.
Dogs (ડૉગ્સ) કુતરાઓ.
Our (અવર) આપણા.
Friends (ફ્રેન્ડઝ) દોસ્તદારો.
Guard (ગાર્ડ) રક્ષણ કરે છે.
Houses (હાઉસિસ) ઘરો.
Should be kind=માયાળુ થવું જોઇએ.

22 GOATS.

બકરા.

These (ધીસ) આ.
What (વ્હૉટ) કેવા.
Long (લૉન્ગ) લાંબા.
Ears (ઇઅર્સ) કાન.
They have=તેઓને હોય છે.
Horns (હૉનર્સ) શીંગડાં.
Like (લાઇક) ની માફક.
Cow (કાઉ) ગાય.
Will butt (બટ) શીંગડાં ભરાવે.

Do not beat=મારો નહિ.
Give (ગિવ) આપે છે.
Sweet (સ્વીટ) મધુર; મીઠું.
Drink (ડ્રિન્ક) પીવાને.
Sweet and good to drink =પીવાને સારૂં ને મીઠું.
Much (મચ) ઘણું.
Why is this=આમ કેમ.
Smaller (સ્મૉલર) વધારે નાના.
Than (ધેન) કરતાં.
Less (લેસ) વધારે ઓછું.
Better (બેટર) વધારે સારૂં.
The goat-man (ગોટ મૅન) બકરો રાખનાર.
Is sitting (સિટિંગ) બેઠો છે.
Between (બિટ્વીન) વચમાં.
Is going to milk them -તેઓને દોહવા જાય છે.
In front of (ઇન ફ્રન્ટ ઑફ) આગળ.
In front of him=તેની આગાડી.
Earthen (અર્થન) માટીનું.
Pot (પૉટ) વાસણ.

23 SHEEP.

ઘેટું.

What (વ્હૉટ) શું.
Sheep (શીપ) ઘેટું.
Ram (રૅમ) ઘેટું. (નર)

Male (મેઇલ્) નર.
Fine (ફાઇન્) સુંદર.
Are not=નથી.
Straight (સ્ટ્રેઇટ્) સીધા.
Twisted (ટ્વિસ્ટેડ) આમળાં વળેલા.
Goats (ગોટ્સ) બકરાંનાં.
Sheep has=ઘેટાંને છે.
Thick (થિક) ભરાઉ.
Wool (વુલ) ઉન.
Skin સ્કિન ચામડી.
Coat (કોટ) ડગલો.
Like a coat=ડગલા જેવું.
Keeps warm=ગરમ રાખે છે.
Cut off (કટ ઑફ) કાપી લે છે.
Make into clothes=કપડાં બનાવે છે.
They make the cloth into warm clothes=તેઓ કાપડનાં ગરમ લુગડાં બનાવે છે.
Clothes (ક્લોથ્સ) લુગડા.
Flocks (ફ્લૉક્સ) ટોળા.
Grass (ગ્રાસ) ઘાસ.
Shepherd (શેપર્ડ) ભરવાડ.
Drives (ડ્રાઇવ્ઝ) હાંકે છે.
Fields (ફ્રિલ્ડઝ) ખેતરો.
Graze (ગ્રેઇઝ) ચરવાને.

Thicker (થિકર) વધારે જાડું.
Mild (માઇલ્ડ) નરમ.
Quiet (ક્વાએટ) શાંત.
Harm (હાર્મ) ઇજા.
To any one=કોઇને.
24 For you and for me =તમારે માટે અને મારે માટે.
Bright (બ્રાઇટ) ચકચકિત.
Sun (સન) સૂર્ય.
Shines (શાઇન્સ) પ્રકાશે છે.
Deep blue (ડીપ બ્લુ) ઘેરો આસમાની.
Pale (પેઇલ) ફીકો.
Moon (મુન) ચંદ્રમાં.
Lights up (લાઇટ્સ અપ) પ્રકાશિત કરે છે.
Clouds (ક્લાઉડ્ઝ) વાંદળાં.
On high=ઉંચે.
Twinkling (ટ્વિંકલિંગ) પ્રકાશતા.
Stars (સ્ટાર્સ) તારાઓ.
Golden (ગોલ્ડન) સોનેરી.
Sinks dvwn (સિંકસ ડાઉન) અસ્ત પામે છે.
West (ઉવેસ્ટ) પશ્ચિમ.
Bird (બર્ડ) પક્ષી.
Flies (ફ્લાઇઝ) ઉડે છે.

Home (હોમ) ઘેર.
Own (ઓન) પોતાના.
Nest (નેસ્ટ) માળો.
Sweetly (સ્વીટલિ) મધુરતાથી.
Sings (સિંગ્સ) ગાય છે.
Garden (ગાર્ડન) વાડીના.
Tree (ટ્રી) ઝાડ.
Songs (સોંગ્ઝ) ગાયનો.
Busy (બિઝિ) ઉદ્યોગી.
Bees (બિઝ) મધમાખ.
Hum (હમ) ગણગણ કરે છે.
Round (રાઉન્ડ) આસપાસ.
Flowers (ફ્લાવર્સ) ફુલો.
Gay (ગે) આનંદી.
Open (ઓપન) ઉઘાડે છે.
Smile (સ્માઇલ) હસે છે.
Every day (એવરિડે) દરરોજ.
Scent (સેન્ટ) સુવાસિત કરે છે.
Air (એઅર) હવા.
Bloom (બ્લુમ) ખીલે છે.
Great (ગ્રેટ) મોટો.
Things (થિંગ્સ) વસ્તુઓ.
Kind (કાઇન્ડ) માયાળુ.
Loving (લવિંગ) ચાહનાર.
Has made=બનાવી છે.
High=ઉંચે.
His home in the sky=
આકાશમાંનુ તેનું ઘર.



૧ મારા પિતા.

મારે વાસ્તે કોણ સખત કામ કરે છે? મારી સભાળ કોણ લે છે?
મારો સૌથી સરસ મિત્ર કોણ છે? મારા પિતા.
હું મારા બાપને ચાહુ છુ. મારો બાપ મને ચાહે છે.

૨ મા ઘેર.

પિતાજી પોતાને કામે ગયા છે. તે બે છોકરાઓ નિશાળે ગયા છે. ત્રણ ન્હાની છોકરીઓ ઘેર છે. મા. પણ ઘેર છે. ચિત્રમાં તેઓ આ રહ્યા છે. તેઓ શુ કરે છે? મા પોતાની ન્હાની છોકરીઓને લખતાં શીખવે છે તેઓ સઘળા એક સાદડી ઉપર બેઠાં છે. એક (છોકરી)

દોરીમાં ફુલ પોરવે છે. બીજી બે છોકરીઓ ચોપડીમાં લખે છે. માએ પોતાના હાથમાં પંખો પકડયો છે. તેના પોતાના ગળાની આસપાસ માળા છે. તેને તેના કાનમાં એરીંગ છે. છોકરીઓને પણ એરીંગ છે.

૩. બાળક.

મા—હું એક બાળકને જોઉં છું.

છોકરૂં—તે બાળક કયાં છે?

મા—તે પેલું રહ્યું. તે મેજ ઉપર બેઠું છે. હું મ્હોટો પંખો જોઈ શકું છું.

છોકરો—તે પંખો કયા છે?

મા—તે પંખો તે બાળકની પાછળ છે. તે તેની નજદીક બેઠું છે. તે તેની આગળ બેઠું છે.

છોકરૂં—તે શું કરે છે.

મા—તે તમારી અને મારી સામું જુએ છે.

છોકરૂં—મેજ ઉપરથી શું તે નહી પડી જશે.

મા—અરે ના? તે પડી જશે નહી. તે તે મેજ ઉપર સહીસલામત છે.

છોકરૂં—હું તેને દુધનો પ્યાલો આપું.

મા—હા, ભલે, તેને દુધનો પ્યાલો આપો.

છોકરૂં—હું તેની ગળાની આસપાસ કંઈ જોઈ શકું છું. તે શું છે!

મા—તે માળા છે. તેના દરેક કાંડા ઉપર એક બંગડી છે અને દરેક ઘુંટી ઉપર એક લંગર છે.

છોકરૂં—તેના હાથ કેવા ન્હાના છે? તેણે પોતાના ડાબા હાથમાં શું પકડયું છે.

મા—તેણે પોતાના ડાબા હાથમાં કેટલાક ફુલ ઝાલ્યા છે. તેની પાસે મેજ ઉપર થોડાં વધારે ફુલ હું જોઈ શકું છું.

છોકરૂં—હું તેના જમણા હાથમાં કાંઈ જોતો નથી.

મા—ના, તેના જમણા હાથમા તેણે કાંઈ ઝાલ્યું નથી.

છોકરૂં–મને તેનુ નામ કહો.

મા–તેનુ નામ રાધા છે. પણ અમે સઘળા તેને બાળક કહીએ છીએ.

છોકરૃ–શુ બાળક ચાલી શકે છે ?

મા–હા, તે જરા ચાલી શકે છે. તે દુર જઈ શકતી નથી. તે મારો હાથ પકડે છે અને ચાલે છે.

છોકરૃ–તે બોલી શકે છે ?

મા–ના, તે હજુ સુધી બોલી શકતુ નથી.

તે થોડા વખતમાં મ્હોટી થશે ત્યારે તે ચાલશે અને બોલશે અને દોડશે.

છોકરૂં–પખાનો આકાર કેવો છે ?

મા–પખો ગોળ છે. તેને લાંબો હાથો છે.

ન્હાના બાળક તરફ માયાળુ થાઓ. તેની સાથે ધીમેથી બોલો.

૪ નવો કનકવો.

કેસુ–વિઠૂ આવ, ચાલો આપણે ઘેર જઇએ થોડીવારમાં અંધારૂં થશે. મારે જલદી ઘેર જવુ છે.

વિઠુ–ઘણુ સારૂં, કેસુ, હુ તારી સાથે આવીશ. તમે શુ કરશો ?

કેસુ–હુ મારા નવા પતગ ઉડાવવા માગુ છુ.

વિઠુ–તમને પતગ કોણે આપ્યો ? મે તે કદી જોયો નથી.

કેસુ–મારા ભાઇએ તે મને આપ્યો. તેણે તે સુદર બનાવ્યો. તેણે તે સારા કાગળનો બનાવ્યો. તે ઘણો સુદર પતગ છે. તેને સુદર પુછડી છે.

વિઠુ–તમારી પાસે કાંઈ દોરી છે ?

કેસુ–અરે હા; મારી પાસે દોરીનો મ્હોટો દડો છે તે સારી મજબુત દોરી છે. તે તૂટશે નહીં. મારો પતગ ઘણો ઉચે ચઢશે. હું તેને નદી ઉપર ચગાવીશ.

વિઠુ-હું પાછળ ઉભો રહીશ અને તમારી તરફ જોઈશ.

૫ કેરી.

છોકરો-અહીંઆ ત્રણ સુંદર કેરીઓ છે.

બાઈ-શુ આ કેરીઓ પાકી છે?

છોકરો-હા, તે તદન પાકી છે અને મીઠા રસથી ભરેલી છે.

બાઈ-તમે તે કેવી રીતે જાણો છો?

છોકરો-તે પાકી દેખાય છે, તે પાકી લાગે છે, અને તે પાકેલા જેવી વાસ આપે છે.

બાઈ-હા, તે ઘણી સુંદર વાસ આપે છે. તે પાકી હોવી જોઇએ.

છોકરો-તમે કેટલા પાંદડાં જોઈ શકો છો?

બાઈ હુ બે પાંદડાં જોઈ શકુ છુ. દરેક કેરીને ડાખળી છે. ત્રણ કેરીઓ છે અને ત્રણ ડાખળીઓ છે, પણ માત્ર બે પાંદડાં છે. એક ડાખળીના ઉપર પાંદડુ નથી. શા વાસ્તે તેના ઉપર પાંદડુ નથી?

છોકરો-તે ડાખળી ઉપરનું એક પાંદડુ ખરી પડ્યુ છે.

બાઈ-આ કેરીઓમાંની એક હુ ખાઉ?

છોકરો-હા, જો તમારી મરજી હોય તો એક ખાઓ. આવો અને અહીંઆ બેસો અને ખાઓ. શુ તેનો સ્વાદ સારો છે?

બાઈ-હા, તમારો આભાર માનુ છુ; તે ઘણી સારી લાગે છે. મને આ કેરી ગમે છે, તમને તે ક્યાંથી મળી?

છોકરો-મે તે આપણી વાડીમાંના ઝાડ ઉપરથી ચુટી લીધી.

બાઈ-શું તે ઝાડ ઉપર બીજી વધારે પાકી કેરીઓ છે.

છોકરો-ના, તે ઝાડ ઉપર બીજી કેરીઓ લીલી છે. તે હજુ સુધી પાકી નથી. તે ખાવા લાયક નથી. આપણે તેઓને લઈ લેવી જોઇએ નહીં. લીલી કાચી કેરી ખાશો મા. જો તમે ખાશો તો માંદા પડશો. જો તમે માંદા પડશો તો તમે મરી જશો.

૬ ચપ્પુ.

કેમુ-જો, આ મારો નાનો ચપ્પુ છે.

ગોપુ-કેવો સુંદર ચપ્પુ! શું તે કાપી શકે છે?

કેસુ–અરે હા ! તે કેરી કાપી શકે છે. તે કાગળ કાપી શકે છે.

ગોપુ–શુ એનાથી ભીસાપેન ઘડી શકાય ?

કેસુ–હા. ભીસાપેન કઠણ છે. પણ મારો ચપ્પુ તેને કાપી શકે છે. તેને હાથો અને ત્રણ તીક્ષ્ણ પાના છે. તે ખુલ્લો છે અને તમે તીક્ષ્ણ પાન. જોઈ શકશો. જો તમે તેને બંધ કરો તો, તમે તે પાનાં જોઈ શકશો. નહીં.

ગોપુ–તેનો કેવો હાથો છે ?

કેસુ–તેનો હાડકાનો હાથો છે અને પાનાં પોલાદના છે.

ગોપુ–આ ચપ્પુનુ નામ મને કહો.

કેસુ–તે કલમ ઘડી શકે છે. અને તે વડે હુ વારવાર કલમ ઘડુ છું. અમે તેને ચપ્પુ કહીએ છીએ.

ગોપુ–શું તે સ્ટીલપેન ઘડી શકે ?

કેસુ–ના. હુ તેનાથી પીછાની કલમ ઘડી શકુ છુ, પણ તે સ્ટીલ પેન ઘડી શકે નહી. તાર ઘણી સખત છે, પીછું પોચુ છે.

ગોપુ–મહેરબાની કરીને મને આ ચપ્પુ આપો.

કેસુ–ના. આ ચપ્પુ હું તને નહીં આપી શકુ. તે મને પોતાને જોઇએ. એના જેવો એક તમારે માટે તમારા બાપને ખરીદવાને કહેજો.

ગોપુ–આ સુદર ચપ્પુ તમે ક્યાંથી ખરીદયો ?

કેસુ–ગઈ કાલે, બાપાએ દુકાનમાંથી તે ખરીદયો.

ગોપુ–તેને માટે તેમણે શુ આપ્યું ?

કેસુ–તેને માટે તેમણે આઠ આના આપ્યા. તેમણે પોતે એ પ્રમાણે મને કહ્યુ. હવે તમારે ઘેર જવું જોઇએ. બહુ મોડુ થયું છે. મારે સુઈ જવુ જોઇએ.

મારે વાંચતા શીખવું જોઇએ. મારે લખતાં શીખવું જોઇએ. મારે જુઠુ બોલવું જોઇએ નહીં. મારે કોઇને ઇજા કરવી જોઈએ નહીં.

૭ ગાય.

ગોવિંદ–આ ચિત્રમાં શું છે! મને કહો.

વિઠ્ઠુ–હું ગાય અને વાછરડો અને માણસ અને સ્ત્રી જોઉ છું. તે માણસ કોણ છે? તે શું કરે છે?

ગોવિંદ–તે દુધવાળો છે. તે ગાય તેની છે. તે જમીન ઉપર બેઠો છે અને પોતાના જમણા હાથથી ગાય દોહે છે.

વિઠ્ઠુ–પોતાના ડાબા હાથથી તે શું કરે છે?

ગોવિંદ–તેણે પોતાના ડાબા હાથમાં વાસણ પકડ્યુ છે.

વિઠ્ઠુ–દુધવાળા પાસે જમીન ઉપર હું બે ચીજો જોઈ શકું છું. તે શુ છે અને શા વાસ્તે છે?

ગોવિંદ–ત્યાં એક મોટુ ગોળ વાસણ છે, અને તેની પાસે એક ન્હાનું વાસણ છે. દુધવાળો ઘણા મોટા વાસણમાં દોહે છે. તે દુધથી ભરાઈ જશે. ત્યારપછી તે પેલા બે વાસણમાં દુધ રેડશે.

વિઠ્ઠુ–ક્યારે અહીં દુધવાળો આવે છે?

ગોવિંદ–તે દર સવારે અહીં ગાયને દોહવાને આવે છે. તે પોતાની ગાય દોહીને પોતાનું દુધ વેચવાને ઘેરેઘેર ફરે છે.

વિઠ્ઠુ–ત્યાં પેલી ઉભેલી બાઈ કોણ છે? તે કયાંથી આવી છે? તેને શું જોઇએ છે?

ગોવિંદ–તે ગાયની પછવાડેના ઘરમાંથી બ્હાર આવી છે. તે પોતાને માટે થોડું દુધ લેવા આવી છે. જમીન ઉપરનું પેલું ન્હાનુ વાસણ તેનુ છે. દુધવાળો તે દુધથી ભરશે અને તે તે લઈ જશે. તેના પોતાને હાથે બગડીઓ છે, એના ઘુટણ ઉપર કલ્લાં છે, નાકમાં વાળી છે. અને કાનમાં એરીંગ છે.

વિઠ્ઠુ–તે ગાય શું કરે છે?

ગોવિંદ–ગાય જમીન ઉપરની ટોપલીમાંથી ખાય છે.

વિઠ્ઠુ–તે વાછરડું શુ કરે છે?

ગોવિંદ–તે વાછરડું પોતાની માની નીચે પોતાનું માથું ઘાલે છે. તે પોતાને માટે થોડું દુધ લેવાનુ પ્રયત્ન કરે છે.

વિઠુ–શુ તે વાછરડાને થોડુ દુધ મળશે ?

ગોવિંદ–હા. દુધવાળો પોતાનુ વાસણ દુધથી ભરશે, ત્યારપછી તે વાછરડાને પોતાની મા પાસેથી થોડુ દુધ પીવા દેશે.

વિઠુ–ગાય શું ખાએ છે અને પીએ છે ?

ગોવિંદ–તે ઘાસ, કુસકી, કહોળ અને પરાળ ખાય છે. તે સ્વચ્છ ઠંડુ પાણી પીએ છે.

વિઠુ–શા વાસ્તે દુધવાળાએ તેના પાછલા પગ બાંધ્યા ?

ગોવિંદ–તેને લાત મારતી અટકાવવાને તેણે તેના પાછલા પગ જોડે બાંધ્યા છે. જો તે લાત મારે તો દુધનું વાસણ ઉધુ વળી જાય અથવા દુધવાળાને ઇજા થાય.

વિઠુ–તે ગાય કેટલું દુધ (આપે) દે છે ?

ગોવિંદ–આ ગાય દરરોજ ચાર શેર દુધ દે છે. સવારમાં તે બશેર દે છે અને સાંજે ફરીથી બશેર દે છે. તમે ગાયના માથા ઉપર બે શીંગડા જુઓ છો. શુ તમે જોતા નથી ? શુ તે ગાયને કાંઈ કામના છે ?

વિઠુ–હુ શીંગડાં જોઈ શકુ છુ. તે શા કામના છે ?

ગોવિંદ–ગાય તેનાથી લડી શકે છે. કોઈ તેને અથવા તેના વાછરડાને ઇજા કરવાને પ્રયત્ન કરે ત્યારે તે પોતાના શીંગડાંથી લડે છે. તેને ટુકા પગ છે અને ઘણી જલદીથી દોડી શકતી નથી. પણ તે પોતાને અને પોતાના નાના વાછરડાને પોતાના શીંગડાંવતી સહીસલામત રાખી શકે છે.

આ વાસણ મ્હોટુ છે, પેલાં ન્હાનાં છે. આ ચોપડીઓ મારી છે, પેલી ચોપડીઓ તમારી છે. દુધ સારૂં અને ધોળું અને મીઠું છે. દરેક જણને દુધ પીવું ગમે છે. ન્હાની ગાયને આપણે વાછરડી કહીએ છીએ. ગાય પોતાના વાછરડાનુ રક્ષણ કરે છે.

૮. ઘોડો.

માણસ—આ રહ્યો મારો ઘોડો. તેની તરફ જુઓ. તેને લાંબા પગ છે અને વાળવાળી લાંબી પૂછડી છે. તે બહુ જોરાવર છે. તે ઘણી ઝડપથી દોડી શકે છે. તે ઘણે દુર પોતાની પીઠ ઉપર માણસને લઈ જાય છે. તેને લાંબી ડોક છે. ન્હાનુ માથું અને ન્હાના કાન છે, અને તે સારી રીતે સાંભળી શકે છે. તે ગાય જેવો ઠુંકો નથી. તે ઉંચો છે.

છોકરો—હુ તમારા ઘોડા ઉપર સ્વારી કરૂ ?

માણસ-હા, તેની પીઠ ઉપર ચઢો અને સ્વારી કરો. હું તને પકડી રાખુ છું, બીનો ના.

છોકરો—મહેરબાની કરી મને મજબુત પકડી રાખજો. તેને ઝડપથી દોડવા દેશો નહીં. હુ પડી જાઉં. તે કેવો ઝડપથી ચાલે છે.

આ એક સુદર કાળો ઘોડો છે. ઘોડો પણ ઝડપથી દોડી શકે છે. ઘોડો પોતાના સ્વારી કરનારને ઓળખે છે. ઉભો મજબુત પકડો ઝડપથી ચાલો.

૯. ખુરશી.

રામ—શુ આ સુદર ખુરશી નથી ? તે કોની છે ?

ગોવિન્દ—આ મારી ખુરશી છે. હુ તેના ઉપર બેસુ છુ. કેટલાક માણસ જમીન ઉપર બેસે છે. જમીન ભીની હોય. જો હું ખુરશીપર બેસુ તો મને શરદી લાગશે નહીં.

રામ—આ કઈ જાતની ખુરશી છે ?

ગોવિન્દ—તે નેતરની છે. પાછળ નેતરના પાતળા કકડા છે. પાયા નેતરના જાડા કકડા છે, બેઠક નેતરની છે. એ પોચી લાગે છે.

રામ—મને મારી પીઠમાં દરદ થાય છે. હુ ઘેર જમીન ઉપર બેઠો ને ભીંજાયો.

ગોવિન્દ—મારી ખુરશી ઉપર બેસ. તમારે ઘેર ખુરશી છે.

રામ—ના, પણ હું એક ખરીદીશ. તેની શું કીંમત બેસશે?

ગોવિંદ—તમારી સારી ખુરશીના બે કે ત્રણ રૂપીઆ આપવા પડશે.

કેટલીક ખુરશીઓ લાકડાની થાય છે. લાકડું કઠણ લાગે છે. પણ નેતર કરતાં તે વધારે મજબુત છે. ખુરશીઓને પીઠ, બેઠક અને પાયા હોય છે. કેટલીક ખુરશીઓને વળી હાથા હોય છે.

૧૦. હું તાબે થઈશ.

(૧) હું મારા બાપ અને માનું કહ્યું માનીશ. (૨) હું મારા બાપ, મા, બ્હેન અને ભાઇને ચાહીશ. (૩) હું ઘેર દરેક જણ તરફ માયાળુ થઇશ. (૪) હું દરેકની સાથે ધીમેથી અને નરમાશથી બોલીશ. (૫) હું દરરોજ પરમેશ્વરની પ્રાર્થના કરીશ. (૬) મારી સંભાળ રાખવાનું હું પરમેશ્વર કને માગીશ.

હું નહીં કરૂં.

(૧) હું જુઠું બોલીશ નહીં. (૨) હું ચોરી કરીશ નહી. (૩) હું ખરાબ શબ્દ વાપરીશ નહીં.

ખરૂં કરવાનો પ્રયત્ન કરો. સાચા રહેવાનો પ્રયત્ન કરો.

જો તમે દરેકને ચ્હાશો તો દરેક જણ તમને ચ્હાશે.

૧૧. બૈલગાડી.

છોકરો—ગાડામાં બેઠેલા માણસને તમે જુઓ છો?

ભાઇ—હા, હું તેને ગાડાની અંદરની બાજુએ જોઉં છું. કોણ છે? ત્યા તે શું કરે છે?

છોકરો—તે ગાડાવાળો છે. તેણે પોતાના માથે પાઘડી પહેરી છે, આ ગાડું તેનું છે. તે બૈલગાડી છે, તે બળદને હાંકે છે.

ભાઇ—ગાડું શાથી ચાલે છે?

છોકરો—બળદ ગાડીને ખેંચે છે. ગાડાને બે મ્હોટાં ગોળ પૈડાં છે. દરેક બાજુએ એક છે. જ્યારે બળદ ખેંચે છે, ત્યારે પૈડાં ગોળ ફરે છે. ત્યારપછી ગાડું રસ્તા ઉપર થઇને જાય છે, હમણાં તે રસ્તામાં શાંત (સ્થિર) ઉભું છે.

ભાઈ—અહીંઆ શા વાસ્તે શાંત ઉભું છે ?

છોકરો—કોઈ ઘણે દુર રહે છે. આ ઘરમાં તેનો એક ભાઇબંધ છે. તેને તે મળવાને અને તેની સાથે વાત કરવા માગતો હતો. તેણે ગાડાવાળાને તેને અહીં લાવવાને ચાર આના આપ્યા. પોતાના ભાઈબંધ સાથે વાત કરતાં હમણા તે ઘરમાં છે. થોડીવારમાં તે બ્હાર આવશે અને આ ગાડામાં ઘેર જશે. ગાડાવાળો બ્હાર તેની રાહ જુએ છે.

ભાઇ—ગાડા ઉપરનું મથાળુ કેવું સુદર છે.

છોકરો—હા, ગાડાવાળાએ તે પોતે જાતે બનાવ્યુ, તેણે તે નેતર અને સાદડીનુ બનાવ્યુ. તેણે નેતરોને વાળી અને તેના ઉપર સાદડી મુકી.

તેણે પાતળાં દોરડાંથી નેતર સાથે સાદડી બાંધી લીધી છે. તમે નેતર જોઇ શકતા નથી. તેઓ અદર છે. સાદડી ઉપર બ્હારની બાજુએ તમે દોરડા જોઈ શકો છો.

ભાઈ—ગાડાનો ઉપલો ભાગ શુ ખપનો છે ?

છોકરો—ગાડાનો ઉપલો ભાગ સૂર્યનો તાપ ને વરસાદ અટકાવે છે. સૂર્યનો તાપ અને વરસાદ અદર પ્રવેશ કરી શકતા નથી. તે ઠડુ અને ગાડાની અદરની બાજુએ સુકું છે.

ભાઈ—ગાડાવાળો બળદ કેવી રીતે હાકે છે.

છોકરો—તેણે બળદના નસ્કોરામાં દોરી પોરવી છે. તેણે તેની જોડે દોરડુ બાંધ્યું છે. તે દોરડાનો એક છેડો પકડે છે. જ્યારે તે દોરડું ખેંચે છે ત્યારે બળદ ઉભાં રહે છે. તેની પાસે તેના હાથમાં ચાબુક છે. જો બળદ નહી ચાલે તો તેને ચાબુક મારે છે. ત્યાર પછી તે દોડે છે.

બળદને ટુકા પગ હોય છે. ઘોડો બળદ કરતાં વધારે લાંબો છે. ઘોડાની ખરીને એક ભાગ છે. બળદની ખરી બે ભાગવાળી છે.

૧૨. તે મેળવવાની કોશેષ કરો.

એક ન્હાનો છોકરો અને તેની મા.

છોકરો—તમે શુ પકડયું છે ?

મા—આ એક ન્હાનું પક્ષી છે.

છોકરો—તે ઉડી શકશે ?

મા—ના, તે લાકડાનુ પક્ષી છે. તે ઉડી શકશે નહીં તે રમકડું છે. તમે તેની સાથે રમો.

છોકરો—મહેરબાની કરી મને તે આપો.

મા—તમારો હાથ ઉચો કરો અને તે લો.

છોકરો—હુ એટલે ઉચે પહોંચી શકીશ નહીં.

મા—તેને પહોંચવાની કોશેષ કરો.

છોકરો—હુ કોશેષ કરૂ છુ, પણ હુ પહોચી શકતો નથી.

મા—તારા પગના આંગળા ઉપર ઉભો થા અને કોશેષ કર.

છોકરો—તેને જરા નીચે ઉતારો. હવે તે મને મળ્યું. તે મારા હાથમાં આવ્યું, હુ તેને જવા દઇશ નહીં. હવે આ પક્ષી મારૂ છે.

મા—હા, હુ તને તે આપુ છુ. હવે તે તમારૂ છે ?

છોકરો—વ્હાલી મા. આ તમારો આભાર માનુ છુ.

મા પોતાના ન્હાના છોકરાને ચ્હાય છે.

૧૩. મરઘો.

મરઘો સુદર પક્ષી છે. કેવો સીધો તે ઉભો રહે છે. તેની પૂછડી તરફ જુઓ. તેમાં કેવાં સુદર લાંબાં પીછાં છે. તેઓ સફેદ અને કાળાં અને રાતાં અને પીળાં છે, તેના માથા ઉપર સુદર રાતી માજર છે.

મરઘાંને બૈરી અને છોકરા છે. બૈરી મરઘી છે. તેણી ઈંડા મૂકે છે અને તેમને હુફાળા રાખવાને તેમના ઉપર બેસે છે. ત્યાર પછી તે ઈંડા ફાટે છે અને ન્હાના મરઘાં બહાર આવે છે,

ત્યાં ચિત્રમાં તમે મરઘી અને તેની આસપાસ સઘળે તેનાં બચ્ચાં જુઓ છો. તે શુ કરે છે. મને તમે કહી શકશો ? તેણી જમીન પરથી પોતાના બચ્ચા સારૂ ખોરાક વીણે છે. તેણી તેમને ખવડાવે છે. તેની તેમની મા છે. તેઓ પણ ખોરાક વીણવાનો પ્રયત્ન કરે છે. તેઓ તેમની માફક ખોરાક વીણે છે.

કુકડો સ્હવારમાં ઘણો વ્હેલો ઉઠે છે, તે દિવસના અજવાળા પહેલાં જાગે છે અને કુકડેકુક કરે છે. તે શું કહે છે! મને કહો. તે કહે છે, જાગો! જાગો! તમારી આંખો ઉઘાડો અને ઊઠો. અજવાળું આવે છે! દિવસ આવે છે! બારણું ઉઘાડો! સુર્યોદય પહેલાં ઉઠો!

સ્હવારમાં પહેલાં કુકડો કુકડેકુક કરે છે, કીકીરીકી ,પૂર્વમાં નવું અજવાળુ થાય છે. કુકડેકુક કુકડેકુક વ્હેલા ઉઠનારા પક્ષીઓ પોતાનું ગાવાનું શરૂ કરે છે. કીકીરીકી કીકીરીકી દીવસ નવું અજવાળુ લાવે છે.

દર સ્હવારે રાતો સુરજ ગરમી આપતો અને પ્રકાશીત રીતે ઉગે છે. પણ સાંજ થોડીવારમાં પડે છે અને અંધારી ઠંડી રાત ત્યારપછી ચન્દ્રમા અને તારા ઉગે છે. જ્યારે દિવસનું અજવાળું જતુ રહે છે ત્યારે તેઓ અજવાળુ આપે છે.

૧૪. મા અને તેનો દીકરો.

કેશુ—આ નાનો છોકરો દુર ચાલી શકતો નથી.

ગોકુ—શા કારણથી તે દુર ચાલી શકતો નથી.

કેશુ—તે બહુ ન્હાનો છે તેથી તેની મા તેને લઇ જાય છે. તે તેને પોતાના જમણા હાથથી કેવી રીતે મજબુત પકડી રાખે છે.

ગોકું—પોતાના જમણા હાથે તે શું કરે છે?

કેશુ—તમે તેનો જમણો હાથ જોઈ શકતા નથી. તે તેની માની પીઠની આસપાસ છે. મા તેના ન્હાના છોકરાને ચ્હાય છે. હાથમાં કડા અને પગમાં કલ્લા અને માથા ઉપર ન્હાની ટોપી પહેરાવી છે.

ગોકુ—તે કયાં જાય છે અને પોતાની જમણી બાજુએ શું લઈ જાય છે?

કેશુ—તેણી થોડા ચોખા ખરીદવાને બજારે જાય છે.

ગોકુ—બજારમાંથી ચોખાને ઘેર કેવી રીતે લાવશે?

કેશુ—તેણી ચોખા ભરવાને ટોપલી લઈ જાય છે. આ ન્હાના .

છોકરાને ઘેર એક ન્હાનો ભાઈ છે તે ઘણો ન્હાનો છે. તેથી તેની મા તેને ઘેર મુકી આવી છે.

ગોકું–જ્યારે તેની મા ઘેર ન હોય ત્યારે તે બાળકની કોણ સભાળ લે છે.

કેશુ–જ્યારે તેની મા બજારે જાય છે ત્યારે તેનો બાપ તેની સભાળ લે છે ?

મને ઘણું કોણ ચાહે છે ? મારી મા.

મને પીવાનું દુધ કોણે આપ્યું ? મારી મા.

મને ચાલતાં અને વાતચીત કરતાં કોણે શિખવ્યુ ? મારી મા.

મને મદદ કરવાને કોણ દોડી આવે છે ? મારી મા.

મારે મારી માને ચાહવી જોઇએ અને તેની સભાળ લેવી જોઈએ.

૧૫. ઘંટી.

નારાયણ–આ ચિત્રમાં તમે શું જુઓ છો ?

ગોવિંદ–જમીન ઉપર, સાદડી ઉપર બેઠેલા એક પુરૂષ, બે બૈરીઓને હું જોઉ છુ.

નારાયણ–તેઓ શુ કરે છે ?

ગોવિંદ–હુ જાણતો નથી મહેરબાની કરી મને કહો.

નારાયણ–તેઓ ઘંટીમાં ચોખા દળે છે.

ગોવિંદ–ઘંટી એ શુ છે ?

નારાયણ–ઘંટીમાં બે પત્થર છે. તેઓ મ્હોટા અને ગોળ અને ઘણા ભારે છે. નીચલો પત્થર ફરતો નથી. ઉપલા પત્થરને હાથો છે. તે ગોળ ચકકર ફરે છે. હાથો લાકડાનો છે. તે માણસ અને બે બૈરીઓ હાથાને પકડે છે. ઉપલા પત્થરને ગોળ ફેરવે છે. ઉપલા પત્થરમાં હાથાની પાસે એક કાણુ છે.

ગોવિંદ–એ કાણું શાને માટે છે ?

નારાયણ–બાયડીઓમાંની એક તેને ચોખાથી ભરે છે. ચોખા તેમાં ઉતરે છે, અને તે બે પડની વચ્ચે જાય છે. પત્થર તેના થોડી વારમાં દળીને આટો કરે છે. બાયડીઓમાંની એક કાણામાં પોતાના જમણા હાથવતી થોડા ચોખા નાંખે છે. તમે તેને જોઈ શકો છો ?

ગોવિંદ—હા, હું તેને જોઇ શકું છું. જમીન ઉપર બે ટોપલા છે. તેઓ ચોખાથી ભરેલા છે. તેઓ આ સઘળા ચોખાનો દળીને લોટ કરશે ?

નારાયણ—હા, ટોપલીમાંના સઘળા ચોખાને દળીને તેઓ લોટ કરશે. આપણે આ ભુકાને આટો કહીએ છીએ. નીચેના પડ પાસે સાદડી ઉપર તમે સફેદ લોટ જોઇ શકો છો. આ લોટમાંથી તે બાયડીઓ ચોખાની રોટલી બનાવશે. તમને ચોખાની રોટલી (ભાવે) ગમે છે ?

ગોવિંદ—મને ગમે છે. તે બહુ સરસ છે. અમે ઘેર વારવાર તેને ખાઇએ છીએ. પણ જ્યારે ટાઢી પડી જાય ત્યારે સારી લાગતી નથી. જ્યારે તે તદન ગરમ હોય ત્યારે મને ખાવી ગમે છે. ચોખાની ગરમ રોટલી ઘણી સારી છે. મને ટાઢી ચોખાની રોટલી ગમતી નથી.

૧૬. કેટલાંક આંક.

ગોવિંદ—ચાલો આપણે કેટલીક સંખ્યા શીખીએ. તમારે કેટલા હાથ છે.

ગોપાલ—મારે બે હાથ છે, એક ડાબો અને એક જમણો.

ગોવિંદ—છબીમાંના સ્ટુલને કેટલા પાયા છે.

ગોપાલ—સ્ટુલને ત્રણ પાયા છે. એક, બે ત્રણ.

ગોવિંદ—ચિત્રમાંની રકાબીમાં કેટલા ફળ છે ? તેમને ગણો અને મને કહો.

ગોપાલ—એક, બે, ત્રણ, ચાર, હું ચાર ગણી શકું છું.

ગોવિંદ—દરેક હાથમાં તમોને કેટલાં આંગળાં છે ?

ગોપાલ—મ્હારે દરેક હાથે પાંચ આંગળીઓ છે.

ગોવિંદ—મધમાખી તરફ જુઓ. તેને કેટલા પગ છે ?

ગોપાલ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પગ.

ગોવિંદ—હમણાં છબીમાંની ચોપડીઓ ગણો.

ગોપાલ–એક, બે, ત્રણ, ચાર પાંચ, છ સાત ચોપડીઓ.

ગોવિંદ–કરોળીઆને કેટલા પગ છે ?

ગોપાલ–હું કરોળીઆના આઠ પગ ગણી શકું છું.

ગોવિંદ–છબ્બામાં કેટલીક લાકડાની ખીંટીઓ છે, તેઓ કેટલી છે ?

ગોપાલ–એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ ખીંટીઓ. તમે તેની સાથે રમો.

ગોવિંદ–તમારા બને હાથે કેટલી આંગળીઓ છે ? મને કહો. તમારા હાથ ઉંચા કરો ને જુઓ.

ગોપાલ–મારે જમણા હાથમાં પાંચ આંગળીઓ છે અને મારા ડાબા હાથમાં પાંચ આંગળીઓ છે. બને હાથમાં દસ આંગળીઓ છે. કરોળીઆને આઠ પગ છે. મધમાખીને છ પગ છે.

૧૭. બ્હેનો.

સીતા કાળા વાળવાળી દશ વર્ષની ન્હાની છોકરી છે. તેણી કદી આળસુ નથી. તેને ઉદ્યોગી થવાનું અને પોતાની માને મદદ કરવાનુ ગમે છે. આજ સ્હવારે જ્યારે અજવાળુ થયુ ત્યારે તેણી ઘણી વ્હેલી ઉઠી. તેણે ઘરનો પુંજો કાઢયો. ત્યાર પછી તેણે પોતાની મ્હોટી બ્હેનને જગાડી. તેણીએ કહ્યું; બ્હેન જાગ, ઉઠવાનો વખત થયો છે. ચાલો આપણે જઇએ અને કુવેથી પાણી લાવીએ. ત્યાર પછી પોતાની બ્હેન ઉઠી અને તેઓ બને કુવે ગઈ. હમણાં તેઓ પાછી આવે છે. મ્હોટી બ્હેન પાણી લઈ જાય છે. પાણીથી ભરેલો એક ઘડો તેને માથે છે. તેનો હાથ બીજા વાસણની આસપાસ છે. સીતાએ પોતાની સાથે એક ટોપલી લીધી. જ્યારે તેની બ્હેન પાણી કાઢતી હતી, ત્યારે તેણી ઘરને માટે બાળવાને પાંદડાં અને લાકડીઓ વીણતી હતી. તેની ટોપલી પાંદડાંથી ભરેલી છે. જ્યારે તેઓ પાછા જશે ત્યારે સીતા રાંધવાના વાસણ માંજવાને પોતાની માને મદદ કરશે. ત્યાર પછી તેઓ પોતાના બાપ અને ભાઇઓ માટે ખાવાને ઉકાળશે જો તેની માને કંઇ જોઇએ

તો તે સીતાને બુમ પાડે છે. જો તેના બાપને કંઈ જોઇએ તો, તે સીતાને વળી બોલાવે છે. ને દોડતી આવે છે અને તેમને મદદ કરે છે. તે ઘરમાં ઘણી ઉપયોગી છોકરી છે. ને બીજાને મદદ કરવાને કદી થાકતી નથી.

(૧) આ ચોપડી મ્હોટી છે. પેલી ચોપડી આ કરતાં વધારે મ્હોટી છે. મારી ચોપડી ત્રણમાં સૌથી મ્હોટી છે. (૧) તે પક્ષી નાનું છે. (૨) આ પક્ષી વધારે ન્હાનું છે. (૩) તે રાતુ પક્ષી ત્રણેમાં સૌથી ન્હાનું છે.

(૧) આ સારૂ છે (૨) પેલું વધારે સારૂં છે. આ સૌથી સારૂં છે. હુ ઘણો મ્હોટો નથી. હુ ઘણો ઘરડો નથી, પણ હુ મ્હારી મા અને મ્હારી બ્હેનને મદદ કરીશ.

૧૮. કુતરો.

રાત્રે અધારૂ થાય છે, ત્યારે પછી હુ મ્હારા ઘરના બારણાને તાળુ વાસુ છુ.

શું તમે તમારા બારણાને તાળુ વાસો છો ?

ના, હું મ્હારા બારણાને કદી તાળુ વાસ્તો નથી.

શું, તમે ચોરથી બ્હીતા નથી ? તેઓ અધારામાં આવે અને કાંઇક ચોરી જાય.

અરે ના ! મારે સારો ભાઇબધ છે. તે મારા ઘરની આખી રાત તપાસ રાખે છે, તે કદી ઉઘતો નથી. ચોરો તેનાથી બ્હીએ છે. તે મારો ન્હાનો કુતરો છે. તમે તેને ત્યાં ઉભેલો જુઓ છો ? જો તે ચોરને જુએ તો તે ભસે છે. જ્યારે તે ચોરને સાંભળે છે ત્યારે તે ભસે છે. તે ચોરને કરડે છે. તે મ્હારા દોસ્તદારોને કરડતો નથી.

તમારો કુતરો કંઈ બીજું કરી શકે છે ?

હા, તે પોતાના મ્હોમાં મારી લાકડી લઈ જઇ શકે છે.

૧૯ પક્ષી અને તેનો માળો.

સીતા આજે સ્હવારે વાડીમાં ગઈ. તેણે ઝાડમાં ઉંચે જોયું તે ઉંચુ ઝાડ નહોતુ. તે નીચુ ઝાડ હતુ. ત્યાં એક ન્હાના પક્ષીને જોયું તે ઉડી ગયુ નહીં. તે છેક શાંત બેસી રહ્યું. તે તેની છેક પાસે ગઇ ત્યારપછી તે પક્ષી તેની સાથે વાત કરવા લાગ્યુ. તે બોલ્યું.

હુ કોણ છુ ? તમે જાણો છો ? હુ શું કરૂં છુ ? તમને કહીશ.

હુ એક નાનું પક્ષી છુ. મારે બે પાંખ છે અને હું હવામાં ઉંચે ઉડી શકુ છુ હુ પડી જતુ નથી. મારી પાંખો મને ટેકવી રાખે છે. હુ એક ઝાડથી બીજે ઝાડ જઈ શકુ છુ.

ન્હાની છોડી, તમે તે કરી શકો નહીં. શુ તમે કરી શકો ?

તમે ચાલી શકો અને તમે દોડી શકો અને તમે કુદી શકો પણ તમે ઉડી શકો નહીં. મારી માફક ઉડવાને તમને ગમે છે ?

હમણાં મે મારી પાંખો બધ કરી છે. (બીડી છે.) અને હુ ઝાડની ડાળી ઉપર બેસુ છુ.

તમે એક સુદર ઘરમાં રહો છો, શુ તમે રહેતા નથી ! મારે પણ એક સુદર હુફાળુ ઘર છે. મે એક અઠવાડીયામાં બાધ્યુ મારી નજદીક તે આ રહ્યું. હુ તેને મારો માળો કહું છુ. તે અહીં તદન સહીસલામત છે. તે ઝાડમાંથી પડી જશે નહીં. કેટલાક પક્ષીઓ લાંબા ઘાસમાં જમીન ઉપર પોતાના માળા બાંધે છે. હુ છેક ઉંચે ઝાડમાં પાંદડાં નીચે મારો માળો બાંધુ છુ. તે આ રહ્યો.

કેટલાક પક્ષીઓ પોતાના માળા પાંદડાંનાં બનાવે છે. પણ હું મારો માળો ન્હાની ડાંખળીઓનો બનાવું છુ તેને હુફાળો રાખવાને હું અદરની બાજુએ ઉન અને સૂકુ ઘાસ મૂકું છું.

મારા માળાની અદર કેટલાંક ભુરાં ઈંડાં છે. મે તેમને ત્યાં ગઈ કાલે મૂક્યાં તેમને ગણો. એક, બે, ત્રણ, ચાર, મારા માળામાં ચાર ન્હાનાં ભૂરાં ઈંડા છે. તમે તેમને જુઓ. પણ તમારે તેને અડકવું નહીં.

આ ઈંડામાંથી ચાર ન્હાના પક્ષી બ્હાર નીકળશે. જો તમે થોડા દિવસમાં પાછા આવશો, તો તમે તેને જોશો. હવે મારા ઈંડાં ઉપર ફરીથી બેસવું જોઇએ અને તેને હુંફાળા રાખવા જોઇએ. જો હું તેમના ઉપર ન બેસુ તો તે ઠંડા પડી જશે.

૨૦ ન્હાનાં પક્ષી.

પાંચ કે છ દિવસ પછી સીતા ફરીથી વાડીમાં ગઈ. ત્યાં તેણે તે પક્ષીને જોયું. તેની જોડે તેણે ફરીથી વાતચીત કરી તે બોલ્યુ.

સાહેબજી ! ત્યારે તો તમે મને ફરીથી મળવાને આવ્યા છો. શું તમે આવ્યા છો ? હુ તમને જોઈ ઘણી ખુશી થઈ છું.

હમણા મારા માળામાં ચાર ન્હાનાં પક્ષી છે. હુ તેમની મા છું અને તેઓ મારા બચ્ચાં છે. હુ તેમને ઘણાં ચાહુ છું. જો તમારી મરજી હોય તો, તમે મારા માળા પાસે જાઓ અને તેમને જુઓ. બે દિવસ અગાઉ તે ભૂરાં ઈંડાંમાંથી બ્હાર આવ્યાં, મે મારા માળામાંથી તમને તે ઈંડાં બતાવ્યાં હતાં. હમણા તે પોતાનું મ્હોં ઉઘાડે છે. તમે તેમને જોઈ શકો છો ? તમે તેમને ચીસ પાડતાં સાંભળી શકો છો ? તેઓ કંઇક ખોરાક માંગે છે, તે ઘણાં ભૂખ્યાં છે.

હું હમણાં એક કીડો તેમને ખાવા માટે લાવી છુ. મ્હારી ચાંચમાં તે આ રહ્યું. એમનો બાપ મારા જેવો બીજો એક ન્હાનું પક્ષી છે, તે આ છોકરાં માટે વધારે ખોરાક લાવવાને દૂર ગયો છે. જો આપણે તેમને સારી રીતે ખવડાવીશું તો તે દરરોજ મ્હોટાં અને મ્હોટાં થશે એક મહીનામાં તેમની પાંખો મજબુત થશે. ત્યાર પછી હું તેઓને આમતેમ ઉડવાને શીખવીશ. તેઓ પોતાની મેળે ખોરાક મેળવશે. હમણાં તેઓ ન્હાનાં પક્ષી છે. એમનાં મા અને બાપે તેમને ખવડાવવું જોઇએ.

બાળક.

પ્હો ફાટતા પોતાના માળામાં ન્હાનું પક્ષી શુ બોલે છે ? ન્હાનું પક્ષી બોલે છે કે, "મને ઉડવા દે, મા, મને ઉડી જવા દે."

જ્યાં સુધી નાના પક્ષી વધારે મજબુત થાય ત્યાં સુધી મ્હાના પક્ષી વધારેવાર આરામ લે તેથી થોડી વધારેવાર આરામ લે છે, ત્યાર પછી તે ઉડી જાય છે.

૨૨. બિલાડી.

જુઓ, અહીંઆ એક બિલાડી છે. તેને તેના શરીર ઉપર ટુંકા નરમ વાળ છે. તેને તેના પંઝાને છેડે તીક્ષ્ણ નખ છે. તેને ચીડવતા ના. તે તમને તેના નખ વડે ખોતરશે. બિલાડી બહુ ઉતાવળી હોય છે અને ઉંદરો પકડી શકે છે. ઉંદરો રાત્રે ખોરાક ચોરવાને નીકળે છે. બિલાડી તેઓની રાહ જુએ છે. તે રાત્રે દેખી શકે છે. જ્યારે ઉંદર તેના દરમાંથી બહાર નીકળે છે ત્યારે બિલાડી કુદે છે અને તેને પકડે છે. તેની સાથે રમે છે. આખરે તે ઉંદરને મારી નાખે છે અને તેને ખાઇ જાય છે. બિલાડી દુધ પીએ છે. તે માંસ અને રોટલી ખાય છે અને તે માછલીની શોખીન હોય છે. (બહુ ભાવે છે.) બિલાડી તેનાં બચ્ચાંને ચાહે છે, તેમને સ્વચ્છ રાખવાને તે તેઓને સઘળે ચાટે છે. તે તેમના માટે ખોરાક લાવે છે અને ઉંદર પકડવાને તેઓને શીખવે છે. તે પોતાની પુછડી હલાવે છે અને બચ્ચાં તેની સાથે રમે છે. બચ્ચાંઓ રમતનાં ઘણા શોખીન હોય છે. તેઓ આમ તેમ કુદે છે. મા તેઓને પોતાના મ્હોંમાં લઇ જાય છે. તેઓને મીઆંઉ કરીને બોલાવે છે. બચ્ચાંઓ વળી મીઆઉ કરે છે. બિલાડીઓ અને કુતરા આપણાં બાહબંધ છે કુતરાઓ રાત્રે આપણાં ઘરની ચોકી કરે છે અને બિલાડી ઉંદરો પકડે છે. આપણે તેમના ઉપર માયાળુ થવું જોઇએ.

૨૩. બકરાંઓ.

આ બે બકરાઓ છે. તેઓને કેટલાં લાંબા કાન છે? તેઓને ગાયની માફક શીંગડાં છે. શુ તેઓ તેઓનાં શીંગડાવડે મને માથુ મારશે? જો તમે તેઓને મારો નહી તો તેઓ તમને માથું મારશે

નહીં. તેઓને ટુંકી પૂંછડીઓ હોય છે. બકરાંઓ દુધ આપે છે. પીવાને તેઓનું દુધ ગલ્યું અને સારૂં છે. બકરો ગાયની માફક વધારે દુધ આપતો નથી. આનું કારણ શું ? બકરો ગાયના કરતાં વધારે નાનો છે તેથી તે થોડું દુધ આપે છે. ગાયનું દુધ બકરાના દુધ કરતાં વધારે સારૂ છે. બકરાવાળો બકરાની વચ્ચે બેઠો છે. તે તેમને દોહવાને જાય છે. તેની આગળ માટીનો ઘડો ત્યાં છે. તે ઘડામાં દુધ મુકશે (રેડશે)

૨૩. ઘેટું.

આ શુ છે ? શુ તે બકરો છે ? ના, તે ઘેટું છે તે મેઢું અથવા ઘેટુ છે. તેને કેવાં સુદર શીંગડાં છે. શીંગડાં સીધાં નથી. ઘેટાંનાં શીંગડાં વળેલાં હોય છે. બકરાનાં શીંગડા સીધાં નથી ગેટાના શીંગડાં વળેલાં હોય છે. બકરાના શીંગડાં સીધાં છે ઘેટાંને તેની ચામડી ઉપર જાડુ ઊન હોય છે. ઊન ડગલાના જેવું છે ઊન ઘેટાંને ગરમ રાખે છે માણસો ઘેટાં ઉપરથી ઊન કાતરી લે છે ત્યારે પછી તેઓ ઊનના કપડાં બનાવે છે. માણસો ઘેટાંને ટોળામાં રાખે છે. ટોળામાં ઘણાં ઘેટાં હોય છે. ઘેટાં ઘાસ ખાય છે. ભરવાડ ઘેટાંને ચારવાને ખેતરમાં હાંકી જાય છે. ઘેટાંનું ઊન બકરાંના વાળ કરતાં વધારે જાડું હોય છે. ગેટાં ઘણાં નરમ અને શાંત છે. તેઓ કોઇને ઇજા કરતાં નથી.

૨૪. તમારે માટે અને મારે માટે.

પ્રકાશિત સુરજ ઉંડા આસમાની આકાશમાં પ્રકાશે છે. ઝાંખો (ફીકો) ચંદ્રમાં ઉંચે વાદળાં ઉપર પ્રકાશ નાંખે છે, અને આપણે રાત્રે (તમારે માટે અને મારે માટે) ચળકતા તારા જોઇએ છીએ. સુરજ ચંદ્રમાં અને તારાઓ તમારે અને મારે માટે પ્રકાશે છે જ્યારે સોનેરી સુરજ પશ્ચિમમાં આથમે છે ત્યારે દરેક પક્ષી પોતાના નાના માળા તરફ ઊડે છે. વાડીના ઝાડમાં કેવી મધુરતાથી તે ગાય છે અને તેના મીઠાં નાનાં ગીતો તમારે માટે અને મારે માટે છે. ઉદ્યોગી

મધમાખીઓ સુદર ફુલોની આસપાસ ગણગણ કરે છે. તેઓ ખીલે અને આપણી તરફ દરરોજ હસીને જોય છે. તેઓ મધુર હવાની વાસ લે છે અને મધમાખને ખોરાક આપે છે અને તેઓ તમારે માટે અને મારે માટે જીવે છે અને તેઓ ખીલી નીકળે છે. મહાન પરમેશ્વર ભલો છે. તે ઉચે રહે છે. તે આકાશમાંના પોતાના ઘરમાંથી આપણ સઘળાને જુએ છે, તેણે સઘળી ચીજો બનાવી છે. તે માયાળુ અને પ્રેમાળ છે. તારે માટે અને મારે માટે આપણા બધાને સારૂ તેણે તેઓને બનાવ્યા છે.



નોટીસ.

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે મી० કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઇમર ભાગ બીજાના મીનીંગ (તરજુમાં સહીત)			૦– ૬–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના	,,	...	૦– ૮–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના	,,	...	૦–૧૧–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના	,,	...	૦–૧૩–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના	,,	...	૧– ૦–૦
મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના	,,	...	૧– ૪–૦
સ્ટાર ઓફ ઇન્ડીઆ રીડર્સ બુક થર્ડ	...	...	૦– ૬–૦
સંસ્કૃત પ્રીમરની ચાવી...	...	...	૦–૧૨–૦
ન્યુ કોર્સ પહેલાના (લોંગમેન્સ)	...	...	૦– ૪–૦
નેલસન ફર્સ્ટ રીડીંગ બુકના	...	...	૦– ૪–૦
નળાખ્યાન સટી० મોદીકૃત	...	...	૧– ૨–૦
બ્લીસડ બુક પહેલી ...	...	...	૦–૧૨–૦
સેનફર્ડ મર્ટનના મીનીંગ ...	...	...	૦–૧૨–૦
ધી મીડલ સ્કુલ એરિથમેટીક	...	...	૧– ૦–૦

એ સિવાય બીજી બધી શાળોપયોગી ચોપડીઓ તથા નેલસન રીડર્સના મીનીંગો તરજુમા સહીત એ દુકાનેથી મળશે. જથાબંધ લેનારને સારૂં કમીશન આપવામાં આવશે.

Published by
Balubhai Karsandas Narandas Book-seller,
Nanavat–SURAT.
Printed by
Narayanrao Laxmanrao Nikam at
Shanker P. Press, Chauta Bridge, SURAT.